**ફોજદારી કેસ નં. ૪૬૦૧૦/૨૦૧૮**

## આંક – ૧ નીચેનો હુકમ

આ કામે આરોપી સામે ઓઢવ/વેજલપુર પોલીસ સ્ટેશન તરફથી ઈ.પી.કો. કલમ ૧૮૮ ના ગુના અંગનું ચાર્જશીટ અત્રેની અદાલતમાં રજુ કરવામાં આવેલ છે. આ કામે આરોપી અદાલત સમક્ષ હાજર થતાં તેને પોલીસ તપાસના કાગળોની નકલો વિના મૂલ્યે મળ્યાની ખાતરી કરવામાં આવેલી. ત્યારબાદ આરોપીએ સ્વૈચ્છિક રીતે ગુનો કબુલ કરેલો છે. આરોપીને તેના વિરૂધ્ધના ગુના અંગે થઈ શકતી સજાની જોગવાઈ અને ગુનાની આરોપીએ ગુનો કબુલ હોવાનું જણાવેલ છે.

આરોપીએ લેખીત પુરસીસ આંક–ર આપી જણાવેલ છે કે, સદર કામે તેઓને ગુનો કબુલ છે, પ્રથમ ગુનો છે, ગરીબ માણસ છે, ભવિષ્યમાં આવો કોઈ ગુનો કરશે નહી તેમ જણાવી ન્યાયના હિતમાં યોગ્ય હુકમ કરવા અરજ ગુજારેલ છે. આરોપી વિરૂધ્ધના ગુનાની વિગતોને ધ્યાનમાં લેતાં ગુનાની કબુલાત સ્વૈચ્છિક હોઈ ન માનવાને કોઈ કારણ નથી તેથી ગુના અંગે થઈ શકતી સજાની જોગવાઈને ધ્યાનમાં લેતાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## હુ ક મ

આરોપીને ક્રિ.પ્રો.કોડની કલમ ૨૫૨ મુજબ ઈ.પી.કો.કલમ ૧૮૮ ના ગુના માટે તકસીરવાન ઠરાવીને તેને રૂા. ૧૦૦/– (અંકે રૂપિયા એકસો પુરા) દંડ, દંડ ન ભરે તો દિન–૧ ની સાદી કેદની સજા ફરમાવવામાં આવે છે.

હુકમ આજરોજ લોક અદાલતમાં વાંચી,સંભળાવી , મારી સહી કરી જાહેર કર્યો.

તારીખ : ૨૨/૭/૨૦૧૮

એડિશ્નલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ
કોર્ટ નંબર ૨૦, અમદાવાદ.